# GNLU પ્લેસમેન્ટમાં 15 લાખનું એન્યુઅલ પેકેજ

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી(જીએનએલયુ) દ્વારા 5 વર્ષના અંડર ગ્રેજ્યુએટર પ્રોગ્રામમાં ચોથા વર્ષમાં સ્ટડી કરી રહેલા સ્ટુડન્ટસનું પ્રિ-પ્લેસમેન્ટ કેમ્પસ ખાતે યોજાયુ હતુ.જેમાં ઈન્ડિયાની ગ્રેડ 1માં આવતી લો ફર્મ્સ કંપનીઓ અને આંતરરાષ્ટ્રીય લો ફર્મ્સ કંપનીઓઓ લોની વિવિધ પોસ્ટ પર વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ લીધા હતા.આ પ્લેસમેન્ટમાં કુલ 82 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.જેમાંથી 49 વિદ્યાર્થીઓનું સિલેક્શન થયુ છે.આ 49 વિદ્યાર્થીઓમાં ત્રણ વિદ્યાર્થીઓને ઈન્ટરનેશનલ કંપનીઓએ જોબ માટે ઓફર કરી છે.વિદ્યાર્થીઓને સૌથી વધારે 15 લાખ સુધીનું ઈન્ડિયન કંપનીઓએ પેકેજ આપ્યુ છે.જ્યારે ઈન્ટરનેશનલ લો ફર્મ્સ કંપનીઓએ 45 લાખ(ઈન્ડિયન કરન્સી)નું પેકેજ આપ્યુ છે. આ 49 વિદ્યાર્થીઓ અંડર ગ્રેજ્યુએટ પ્રોગ્રામ 2020ના મે મહિનામાં પૂરો થશે ત્યાર બાદ વિદ્યાર્થીઓ જે-તે કંપનીમાં જોઈનિંગ કરશે.